सत्यमेव जयते

| | તારીખ | માસ | વર્ષ |
|---|---|---|---|
| દાખલ તારીખ | ૨૨ | ૦૫ | ૨૦૨૬ |
| નોંધ્યા તારીખ | ૨૨ | ૦૫ | ૨૦૨૬ |
| ફેંસલ તારીખ | ૦૧ | ૦૬ | ૨૦૨૬ |
| સમયગાળો | વર્ષ | માસ | દિવસ |
| | ૦૦ | ૦૦ | ૧૦ |

**કચ્છ જીલ્લાના મહેરબાન છઠા અડીશ્નલ સેશન્સ ન્યાયધિશશ્રી સમક્ષ,**
**મુ.ગાંધીધામ.**

**ફોજદારી પરચુરણ અરજી નં.૪૧૨/૨૦૨૬**
**આંક:**

**અરજદાર:–** **વિશાલભાઇ જેશાભાઇ ધોળકીયા (કોલી)**
ઉ.વ.૪૩, ધંધો: નોકરી,
રહે. રૂમ નં.૨, બ્લોક નં.આર/૧,
હાઉસીંગ બોર્ડ સોસાયટી, ભુજ–કચ્છ.
શંકર મંદીરની બાજુમાં, ગામ. વાંઢીયા,
ભચાઉ–કચ્છ.
(હાલે. જયુડી.કસ્ટડીમાં)

**વિરુધ્ધ**

**સામાવાળા:–** **શ્રી સરકાર**

**અરજદાર તરફે વિ.વ.શ્રી એચ.જે.સોનપાર**

**સામાવાળા–સરકાર તરફે વિ.એ.પી.પી.સુશ્રી એચ.પી.ગઢવી**

**બી.એન.એસ.એસ.ની કલમ–૪૮૩ અન્વયે રેગ્યુલર જામીન મેળવવા બાબત અરજી.**

**–:: ઠરાવ ::–**

(૧) આ કામના અરજદાર/આરોપી વિરુધ્ધ ગાંધીધામ ''એ'' ડીવી. પો.સ્ટે. ગુ.ર.નં.૧૧૯૯૩૦૦૬૨૫૧૦૬૩/૨૦૨૫, ભારતીય ન્યાય સંહિતાની કલમ–૩૧૬(૨), ૩૧૬(૫), ૩૧૮(૪) મુજબના કામે પોલીસે તેઓને તા.૦૨–૦૨–૨૦૨૬ ના રોજ અટક કરેલા છે અને હાલ તેઓ જયુડીશીયલ કસ્ટડીમાં હોય રેગ્યુલર જામીન ઉપર મુકત થવા માટે હાલની અરજી કરેલી છે.

(૨) આ કામ ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીએ ફરીયાદીની બ્રાંચ ગાંધીધામ માંથી અલગ–અલગ ગ્રાહકોની ગાડીઓ ઉપર કુલે રૂા.૪૭,૩૩,૩૧૯/– લોન મંજુર કરાવી, મંજુર થયેલ લોનના રૂપીયા ગ્રાહકોને નહીં આપી, ફરીયાદી તથા અલગ–અલગ ગ્રાહકો સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી ગુનો કરેલાનો આક્ષેપ છે.

(૩) આ કામના અરજદાર/આરોપીની હાલની જામીન અરજીના કામે સામાવાળાને નોટીસ કાઢવામાં આવેલ જે અન્વયે સામાવાળા તરફે વિ.એ.પી.પી.સુશ્રી એચ.પી.ગઢવી હાજર થયેલા છે. આ કામે તપાસ કરનાર અધિકારીએ અરજીની વિરુધ્ધમાં આંક–૮ થી સોગંદનામું રજુ કરેલ છે.

(૪) આ કામના અરજદાર/આરોપી તરફે વિ.વ.શ્રી એચ.જે.સોનપાર નાઓએ દલીલ કરતા જણાવેલ છે કે, અરજદાર સામેના ગુનાનું

ચાર્જશીટ થઇ ગયેલ છે અને ગુનાની તપાસ પુર્ણ થઇ ગઇ છે. વધુમાં દલીલ કરેલ છે કે, અરજદારે લોન ધારકોની લોનની રકમ મંજુર કરાવી તે રકમ તેના ખાતામાં લીધેલ હોવાનું અને તે રકમ લોન ધારકોને આપેલ નહીં હોવાનો આક્ષેપ છે, પરંતુ લોનની રકમ મળ્યાની તે વ્યકિતઓની પહોંચ છે અને તેમાં તેમની સહી છે અને આ દસ્તાવેજ ખોટો હોય તેવો કોઇ આક્ષેપ નથી કે એવો કોઇ પુરાવો નથી. વધુમાં દલીલ કરેલ છે કે, અરજદાર સામેનો કેસ ચાલી જવામાં સમય લાગે તેમ છે અને અનિશ્ચિત સમય માટે અરજદારને જેલમાં રાખી શકાય નહીં. વધુમાં દલીલ કરેલ છે કે, અરજદારનો કોઇ ગુનાહિત ઇતિહાસ નથી. અરજદાર તેમના પરીવારમાં એકમાત્ર કમાનાર વ્યકિત છે. અરજદારના શીરે તેમના પરીવારની ભરણપોષણની જવાબદારી છે. જેથી, સદર તમામ હકીકતો ધ્યાને લઇ અરજદારને યોગ્ય શરતોને આધીન જામીન મુકત કરવા અરજ ગુજારેલ છે. અરજદાર તરફે વિ.વ.શ્રીએ તેમની દલીલોના સમર્થમાં નામ.સુપ્રીમ કોર્ટના વૈભવ સિંગ વિરુધ્ધ સ્ટેટ ઓફ ઉતરપ્રદેશના ચુકાદા ઉપર આધાર રાખેલ છે.

(૫) સામાવાળા/સરકારશ્રી તરફે વિ.એ.પી.પી.સુશ્રી એચ.પી.ગઢવી નાઓએ દલીલ કરતા જણાવેલ છે કે, અરજદારે આચરેલ ગુનો જોતા તે આર્થીક ઉચાપતનો ગુનો છે. વધુમાં દલીલ કરેલ છે કે, જે વ્યકિતઓના નામે લોન લેવામાં આવેલ હતી તે વ્યકિતઓના નીવેદનો જોવામાં આવે તો હાલના અરજદારે ઘણાબધા વ્યકિતઓના નામે લોન મેળવી લોનની રકમ પોતાના ખાતામાં જમા કરાવી દીધેલ છે અને આર્થીક જરૂરીયાત હોય તેવા વ્યકિતઓના નામે લોન લઇ ગંભીર પ્રકારનો ગુનો આચરેલ છે. વધુમાં દલીલ કરેલ છે કે, આ ગુનો બન્યા બાદ અરજદાર ભાગી ગયેલ હતા અને તેથી જો અરજદારને જામીન મુકત કરવામાં આવે તો તેમની હાજરી મળી રહે તેમ નથી. જેથી, ગુનાની ગંભીરતા ધ્યાને લઇ જામીન અરજી નામંજુર કરવા અરજ ગુજારેલ છે.

(૬) ઉભયપક્ષની રજુઆતો ધ્યાને લેતા તથા તપાસ કરનાર અમલદારનું આંક–૮ નું સોગંદનામું વંચાણે લેતા અરજદાર/આરોપી હાલ બી.એન.એસ.ની કલમ–૩૧૬(૨), ૩૧૬(૫), ૩૧૮(૪) મુજબના ગુનાના કામે જયુડી.કસ્ટડીમાં હોવાનું જણાઇ આવે છે. અરજદાર/આરોપી સામે ગુનાની ચાર્જશીટ થઇ ગયેલ છે એટલે કે આ ગુનાની તપાસ પુર્ણ થઇ ગયેલ છે અને તેથી અરજદાર/આરોપીને જામીન મુકત કરવામાં આવે તો તપાસમાં હસ્તક્ષેપ થવાની સંભાવના નથી. વધુમાં હાલના અરજદાર કચ્છ જીલ્લાના સ્થાનિક રહેવાસી હોય કેસ ચાલતા દરમ્યાન તેમની હાજરી મળી રહેવાના સઘળા સંજોગો રહેલા છે. તેમજ અરજદાર સામેનો કેસ ચાલી જતા સમય લાગે તેમ છે. આ તમામ સંજોગો ધ્યાને રાખી અરજદાર/આરોપીને જામીન ઉપર મુકત કરવાનું ઉચીત જણાય છે. જેથી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## –:: આખરી હુકમ ::–

અરજદાર/આરોપીની બી.એન.એસ.એસ. ની કલમ–૪૮૩ મુજબ રેગ્યુલર જામીન ઉપર મુકત થવાની અરજી આથી મંજુર કરવામાં આવે છે.

અરજદાર/આરોપી વિશાલભાઇ જેશાભાઇ ધોળકીયા (કોલી), રહે. રૂમ નં.૨, બ્લોક નં.આર/૧, હાઉસીંગ બોર્ડ સોસાયટી, ભુજ–કચ્છ. શંકર મંદીરની બાજુમાં, ગામ. વાંઢીયા, ભચાઉ–કચ્છ નાઓએ ગાંધીધામ ''એ'' ડીવી. પો.સ્ટે. ગુ.ર. નં.૧૧૯૯૩૦૦૬૨૫૧૦૬૩/૨૦૨૫, ભારતીય ન્યાય સંહિતાની કલમ–૩૧૬(૨),૩૧૬(૫),૩૧૮(૪) મુજબના ગુનાના કામે અરજદાર/આરોપીને રૂા.૧,૦૦,૦૦૦/– (અંકે રૂપીયા એક લાખ પુરા) ના જામીન તથા તેટલી જ રકમના જાતમુચરકા ટ્રાયલ

અદાલતમાં રજુ કર્યેથી નીચેની શરતોને આધીન જામીન ઉપર મુકત કરવાનો હુકમ કરવામાં આવે છે.

**<u>શરતો:–</u>**

(૧) અરજદાર/આરોપીએ ફરીયાદપક્ષના સાહેદોને ધાક ધમકી કે લોભ લાલચ, પ્રલોભન આપવું નહીં.

(૨) અરજદાર/આરોપીએ ટ્રાયલ અદાલતની પુર્વ પરવાનગી વિના ગુજરાત રાજયની હદ છોડવી નહીં.

(૩) અરજદાર/આરોપી પાસપોર્ટ ધરાવતા હોય તો ટ્રાયલ અદાલતમાં જમા કરાવવો, અને ન ધરાવતા હોય તો તે અંગેનું સોગંદનામું જામીન ઉપર મુકત થયા બાદ દિન–૭ માં રજુ કરવું.

(૪) અરજદાર/આરોપીએ પોતાના કાયમી રહેઠાણના સરનામાનો કોઇપણ એક દસ્તાવેજી આધાર ટ્રાયલ કોર્ટમાં જામીન ઉપર મુકત થયા બાદ દિન–૭ માં રજુ કરવાનો રહેશે.

(૫) અરજદાર/આરોપી જામીન મુકત થયા પછી જે ઠેકાણે રહેવાના હોય તેનું પુરેપુરુ સરનામું જાહેર કરવું અને તેના આધાર પુરાવા રજુ કરવા અને અરજદારે રહેઠાણના સરનામામાં ટ્રાયલ કોર્ટની પુર્વ પરવાનગી વગતર કોઇપણ ફેરફાર કરવો નહીં અને જો કોઇપણ જાતનો ફેરફાર કરવાનો થાય તો તાત્કાલીક ધોરણે તેની જાણ ટ્રાયલ અદાલતને કરવાની રહેશે.

(૬) અરજદાર/આરોપીએ આવી કે અન્ય કોઇ ગુનાહિત પ્રવૃતિમાં પોતાની જાતને સંડોવવી નહીં અને તેનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

આ હુકમ અંગેની જાણ સબંધીત જેલર/પો.સ્ટે. ને કરવી.

હુકમ આજરોજ તા.૧લી, માહે–જુન, સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી સહી કરી જાહેર કર્યો.

ગાંધીધામ–કચ્છ.
તા.૦૧–૦૬–૨૦૨૬

**(રાકેશ જે. પટેલ)**
છઠા એડીશ્નલ સેશન્સ જજ
ગાંધીધામ–કચ્છ.
(યુ.આઈ.સી.નં.જીજે૦૦૮૩૩)